## હરિની દ્રષ્ટિ...




ચક્કર આવે છે...? દવાની જરૂર નથી... બે જીબીથી વધુ રેમવાળો ડ્યુઅર કોર મોબાઈલ લઈ લો... આ મોબાઈલનાં ડાઉનલોડ દરમિયાન ચકરડા જોવાથી થાય છે...!!!

# સ્કુલ વાહનચાલકો રેલીમાં જોડાતા વિધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા

ગાંધીનગર તા.૨૫

પાટીદારોની અનામત મહારેલી અમદાવાદ ખાતે યોજાઈ હતી.જેમાં ગાંધીનગર શહેરની વિવિધ શાળાની રીક્ષા,વાન,અને બસના ચાલકોમાં પાટીદારોની સંખ્યા હોવાથી તેઓ પણ રેલીમાં જોડાયા હતા.શાળાની બાળકોને લાવતા લઈ જતાં વિવિધ વાહનોના પૈડા થંભી ગયા હતા.વાહનો ના આવતા વાલીઓ મુકવા ગયા હતા. પરિણામે બાળકોને શાળામાં જવા આવવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.આ કારણે શાળાઓમાં પણ બાળકોના હાજરી પાંખી જોવા મળી હતી.

રાજયભરમાં અનામતની આંધી ફુંકાઈ છે.પાટીદારો દ્વારા છેલ્લા કેટલાંક સમયથી રેલી,ધરણાં યાજીને કલેકટરને આવેદન પત્ર અનામત અંગે આપવામાં આવે છે.છતાં પણ સરકાર તરફથી સમસ્યાનો ઉકેલ ના આવતા પાટીદારોએ અમદવાદમાં મહારેલી યોજી શકિત પ્રદર્શન કર્યુ હતું.આ પાટીદાર મહાકુંભમાં રાજયભરમાંથી લાખો પાટીદારો અમદાવાદ આવી પહોચ્યા હતાં. શહેરના પાટીદારો પણ અનામતની મહારેલીમાં ભાગ લેવા ગયા હતા.જેમાં નગરની વિવિધ શાળાની વર્ધી કરતાં સ્કુલવાન,રીક્ષા,અને બસ ચલાવતા પાટીદારો જોડાતા વાહનોના પૈડા થંભી ગયા હતા.રેલીને પગલે ગાંધીનગરમાં સ્વયંભુ બંધ જેવી પરિસ્થિત સામાન્ય હતી. શહેરની તમામ શાળાઓ ચાલુ હોવાથી વિધાર્થીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.વાલીઓ દ્વારા સવારના સમયે રેલીને પગલે શાળામાં રજા છે.તેવા ફોન શાળાઓમાં ચાલુ થઈ ગયા હતા. વાહનો ના આવતા ના છુટકે વાલીઓ બાળકો ને શાળાએ મુકવા ગયા હતા.વાહન ન આવતાં શાળાએ ન જનાર વિધાર્થીઓના સંખ્યા વધુ હતી.જેને પરિણામે શહેરની વિવિધ શાળાઓમાં બાળકોની સંખ્યા ઓછી હતી.શાળામાં પણ એકબીજા બાળકો અનામત અંગે ની વાતચીત કરતા અનામતનું વાતાવરણ સર્જાયું હતું.



આજના યુવાનોમાં વ્યસનમુક્તિ, પર્યાવરણ જાગૃતિ અને બીન ચેપીરોગો જેવા મોટાપા, હાર્ટએટેક, બ્લડપ્રેશર જેવા રોગોને નાથવા ૧ ઓગષ્ટથી ૧૧ ઓગષ્ટ સુધી કચ્છથી માંડી વલસાડ સુધી નેશનલ મેડીકલ ઓગ્રેનાઈઝરના વિદ્યાર્થીઓની સાયકલ રેલી ગાંધીનગરથી પસાર થઈ હતી. આ યાત્રામાં ૨૫ વિદ્યાર્થીઓ જોડાયા છે. રોજના ૭૦ કીમી અંતર કાપીને જીઈએમઆરએસ મેડીકલ કોલેજ વલસાડ ખાતે આ સાયકલયાત્રાની પૂર્ણાહૂતી થશે તેમ ડૉ. ચંદ્રભાનુ ત્રિપાઠી અને વિદ્યાર્થી અગ્રણી રાકેશભાઈ વિરાણીએ જણાવ્યું છે. (તસવીર : કશ્યપ નીમાવત)

## શહેરની પ્રાથમિક શાળાના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાનની ૮૦ વૈવિધ્યસભર કૃતિઓ રજુ કરી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરની ૩૪ પ્રા. શાળાના ૨૦૦થી પણ વધુ બાળકોએ આજે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ૮૦ થી પણ વધુ કૃતિઓ રજુ કરી સૌને પ્રભાવિત કર્યા હતા.

પાલજ કલ્સટરમાં બાળકોએ ધુમ્રપાનથી ફેફસાંઓને થતા નુકસાન પરનું નિદર્શન તો ગોકુલપુરા કલ્સટરમાં વેસ્ટમાંથી બેસ્ટ પ્રોજેક્ટ અંતર્ગત વૈકલ્પિક ઊર્જાનો પ્રયોગ સૌથી વધુ આકર્ષણના કેન્દ્રો બન્યો હતો.

પાલજ કલસ્ટરમાં યોજાયેલ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં સ્થાનિક કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ બિહોલાએ હાજરી આપી શાળા સાથેના તેમના સંસ્મરણોને વાગોળ્યા હતા.

ગોકુલપુરા કલસ્ટરમાં પણ વિદ્યાર્થીઓએ રજુ કરેલ કૃતિઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

આજે ગાંધીનગર શહેરની શાળાઓને ૬ જૂથમાં વહેંચી આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૬ જૂથમાં વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાને આવેલા બાળકો હવે તાલુકા કક્ષાની સ્પર્ધામાં તેમની કૃતિઓ રજુ કરશે.

આજની આ સ્પર્ધામાં બાળકોએ ગણિતમાં વૈદિક ગણિતથી થતા ફાયદા અને ઝડપથી દાખલાઓ કેવી રીતે ગણી શકાય તેવા નિદર્શન પણ રજુ કર્યા હતા. જોકે બાળકોએ ખાસ કરીને વિજ્ઞાનને આરોગ્ય સાથે સાંકળી સારા એવા પ્રોજેક્ટ્સ રજુ કર્યા હતા.

આજે આ સ્પર્ધામાં શહેર વિભાગ પ્રા. શાળાના શાસનાધિકારી અસ્મિતાબેન દવે અને શાળાના આચાર્યોએ ભારે જહેમત ઉઠાવી બાળકોને સારા એવા પ્રોત્સાહિત કર્યા હતા.

જિલ્લાના તમામ કલસ્ટરોમાં ૩૦મી સુધીમાં આ પ્રદર્શનો યોજવામાં આવનાર છે. આ માટે વિદ્યાર્થીઓ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ.ટી. બસ સેવામાં પાટીદાર રેલીને પગલે મુસાફરો ઓછા જોવા મળતા હતા.

● પાટીદાર રેલીનું મોનીટરીંગ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તેમના નિવાસસ્થાનેથી કરતા હોવાને કારણે મંત્રીમંડળ વિસ્તારમાં અધિકારીઓ અને આગેવાનોની ભારે અવર-જવર જોવા મળી હતી.

● મંત્રીશ્રીઓના નિવાસસ્થાન બહાર પત્રકારો જે કવરેજ માટે ગયા હતા તેમણે ચા-ગાંઠીયા અને ચવાણુ ખાઈ દિવસ પસાર કર્યો હતો.

● ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે આજથી બે દિવસીય ''અમૃતમ્'' યોજનાનો રાજ્યસ્તરનો વર્કશોપ આરંભાઈ રહ્યો છે. શહેરી વિકાસ વિભાગ દ્વારા કેન્દ્રની આ યોજનાના અમલીકરણ માટે શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાના અધિકારીઓને ખાસ હાજર રહેવા જણાવ્યું છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે પાટીદાર રેલીને પગલે સવારની ઓ.પી.ડી.માં ઓછા દર્દીઓ નોંધાયા હતા.

● ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રને લઈ આજે સાંજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવાના અધ્યક્ષપદે મળી હતી.

● ગોકુલપુરા અને પાલજમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેવા આવેલા તમામ બાળકોને શાળાઓમાં ભોજન દાતાઓ દ્વારા ભોજન અપાયા હતા.

## ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર યોજના હેઠળ ૧૩ લાખની સહાય

ગાંધીનગર, તા. ૨૫

ઉદ્યોગ અને ખાણ વિભાગના એક ઠરાવ મુજબ ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની યોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્યકક્ષાએ કારીગરોને રોજગારી પ્રદાન કરવાનો છે. ગ્રામ્ય કારીગરોને એકજ સ્થળે ધંધાને અનુરૂપ પ્રાથમિક સુવિધાઓ જેવી કે મશીનરી, ગોડાઉન, ધંધાની તાલીમ, ડિઝાઈન સપોર્ટ અદ્યતન ટેકનોલોજી અને જરૂરી નાણાંકીય વ્યવસ્થા વગેરે ઉપલબ્ધ કરાવવાનો છે. યોજનાને પ્રોત્સાહન આપવા રૂ. ૧૩ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. ઓફિસ-ગોડાઉન અને ડિઝાઈન સહાય માટે રૂ. ૭૦ હજાર, વહીવટી સહાય માટે રૂ. ૪૦ હજાર, સાધન ઓજાર સહાય માટે રૂ. ૧.૨૦ લાખ, રિવોલ્વીંગ ફંડ માટે રૂ. ૫૦ હજાર તેમજ બજાર પ્રોત્સાહન માટે ૨૦ હજાર એમ કુલ રૂ. ૧૩ લાખની સહાયનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા સ્થાપિત નિગમ અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ નીચે નોંધાયેલ સોસાયટી કરી શકશે. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર માટે કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગરને નિયત નમૂનામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત દરખાસ્ત કરી મંજૂરી મેળવવાની રહેશે.

# શહેરમાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉચક્યુ

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં અત્યારે હાલ મચ્છરજન્ય રોગચાળા એ માથું ઉચક્યું છે. નગરના ઘરોમાં ઘેર ઘેર બિમારીના ખાટલા છે.શહેરમાં ઠેર-ઠેર ખડકાયેલા ગંદકીના ઢગ તેમજ વરસાદી પાણીના ભરાવો મચ્છરોનું ઉદભવ સ્થાન છે. મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવાય છે. પરંતુ યોગ્ય સફાઈ થતી નથી.તેવી ફરિયાદો નગરજનોમાં ઉઠવા પામી છે. મચ્છર ઉત્પતિ ના સ્થળો પર મનપા દ્વારા યોગ્ય સફાઈ કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેર સ્વચ્છ અને સુંદર હતું. પરંતુ હવે જાણે નગર ને કોઈની નજર લાગી હોય તેવું લાગે છે.ગાંધીનગર હવે ગંદકી નગર બની ગયું છે. યોગ્ય સાફ સફાઈના અભાવે નગરમાં ઠેરઠેર ગંદકીના ઢગ જોવા મળે છે.ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. શહેરના તાપમાનમાં ભેજવાળી આબોહવા તેમજ ચામાસાને પગલે મચ્છરજન્ય રોગચાળાએ નગરમાં માથુ ઉચક્યુ છે.નગરના ઘરોમાં ઘેર ઘેર તાવ, ઝાડા, ઉલ્ટી,મેલેરીયાના દર્દીઓ જોવા મળે છે.પ્રાઈવેટ અને સરકારી દવાખાનામાં દર્દીઓની લાંબી લાઈન લાગે છે. વરસાદી પાણીના ભરાવા ને કારણે તેમજ કચરાના યોગ્ય નિકાલના અભાવે મચ્છરોનો ત્રાસ વધી ગયો છે. અનુમાન મુજબ શહેરમાં મચ્છરોની ડેનસીટી વધુ છે.જયારે શહેરમાં નાના મોટા ૨૧૦૦ જેટલાં ખાડા આવેલા છે.મહાનગર પાલિકા દ્વારા સફાઈ ઝુંબેશ દરમિયાન શહેરમાં ઠેક ઠેકાણે સાફ સફાઈ કરવામાં આવે છે.પરંતુ યોગ્ય સફાઈ થતી ન હોવાથી મચ્છરોએ માથું ઉચક્યું છે.આગામી સમયમાં નગરમાં રાગચાળો વકરે તેવી દહેશત છે.ત્યારે શહેરીજનોમાં તંત્ર દ્વારા યોગ્ય કામગીરી થતી ન હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે.સફાઈ વિભાગ ઝડપી સફાઈ કરી ગંદકી હટાવી મચ્છરોના ત્રાસમાંથી મુકત કરે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.ત્યારે નગરના શિક્ષીત નાગરીક તરીકે આપણી પણ ફરજ બને છે કે જાહેરમાં ગમે ત્યારે ગમે ત્યાં કચરો ન ફેંકીયે તેવો આપણે પણ સંકલ્પ લેવો જોઈએ.

**રક્તદાન મહાદાન**





